# #LivesNotKnives

## શું તમે જાણો છો કે પોતાની સાથે ચપ્પુ રાખતી વ્યક્તિને કેવી રીતે શોધવી?

શું તમે જાણો છો કે પોતાની સાથે ચપ્પુ રાખતી કઇ વ્યક્તિને દોષિત ઠેરવવામાં આવે તેવી સૌથી વધારે શક્યતા રહે છે? આ વ્યક્તિ 12-25 વર્ષના જુવાન પુરુષો હોય છે - શું તે તમારા મિત્ર, પુત્ર કે ભાઈ હોઈ શકે છે?

## શું તમે જાણો છો શા માટે?

ઘણીવાર તેઓ સુરક્ષિત ન અનુભવતા હોવાને લીધે આવું જોવામાં આવે છે અને આ ગંભીર દબાણ હેઠળ હોવાને લીધે અથવા ચપ્પુ સાથે રાખવાની કાયદેસરતાની સંપૂર્ણ સમજ ન હોવાને લીધે પણ બની શકે છે.

## ચેતવણી ચિહ્નો

- શું તેઓનું સ્કૂલ/શિક્ષણ પ્રત્યેનું વલણ બદલાયું છે?
- શું તેઓના એવા નવા મિત્રો છે જેઓને તમે પહેલાં મળ્યા નથી?
- શું તેઓ પોતાની બેગ અને/અથવા કપડાં માટે સલામતી અને/અથવા કંઇક સંતાડે છે?
- તમે તેઓની કબજાની વસ્તુઓ વિશે પ્રશ્ન કર્યો ત્યારે શું તેઓ વધારે પડતા રક્ષણાત્મક રહ્યા છે?
- શું તેઓ પહેલા કરતાં વધારે મેસેજીસ મોકલે / મેળવે છે?
- શું તેઓ ક્યારેય જાગીને અને ઓચિંતા ઘરની બહાર જાય છે?
- શું તેઓ ઘરની બહાર, ખાસ કરીને સાંજે અને રાત્રે વધારે સમય બહાર રહે છે?
- શું તેઓએ છરીઓ સાથે રાખતા લોકો પ્રત્યે હકારાત્મક વલણ દેખાડ્યું છે, ઉદાહરણ તરીકે સ્વ-બચાવ વિશે વાત કરીએ તો?
- શું તમારા ધ્યાનમાં આવ્યું છે કે તમારા ઘરમાંથી કંઇક ગુમ હોય જેનો ઉપયોગ એક શસ્ત્ર તરીકે થઇ શકે જેમ કે રસોડાની છરી અથવા સ્ક્રૂડ્રાઇવર?

## મને લાગે છે કે હું પોતાની સાથે ચપ્પુ રાખતી વ્યક્તિને જાણું છું. હું અહીંથી ક્યાં જઉં?

- જુવાનોને ચપ્પુ સંબંધિત ગુનાના પરિણામો વિશે શિક્ષિત કરવામાં આવે ત્યારે તેઓ તે લઈ જતા પહેલાં પુનર્વિચાર કરી શકે.
- તેઓનું સ્વાભિમાન વધારવાનો પ્રયત્ન કરો અને તેઓના જીવનના મહત્વને પ્રબળ બનાવો અને હકારાત્મક ભવિષ્ય વિશે પોતાને સશક્ત બનાવવા તેઓ શું હાંસલ કરી શકે છે.
- તેઓની સાથે સાચી વાતચીત કરવા સમય કાઢો, તેઓ માટે ઉપલબ્ધ અને તેઓને સાંભળવા તૈયાર રહો. તેઓનો અવાજ વાતચીત દરમિયાન સાંભળવામાં આવતો મુખ્ય અવાજ રહે તે યાદ રાખશો.

## આ ઉલ્લેખ કરવાનું વિચારો:

- **કે તેઓની પાસે પસંદગી છે.** તે એક તરફ જવાતી સ્ટ્રીટ જેવું નથી, આસપાસની બાબતો બદલવાની તક હંમેશા હોય છે.
- **કાયદો.** ચપ્પુ સાથે રાખવું ગેરકાયદેસર છે, પછી ભલે તે બીજા કોઈનું હોય અને આ ગુનો ચાર વર્ષની સજાને પાત્ર છે.
- **પોલીસ.** તેઓને લાગે કે કોઈ વ્યક્તિ ચપ્પુ સાથે રાખી રહી છે તો તે વ્યક્તિને રોકશે અને વ્યક્તિની તપાસ કરશે.
- **અંગત સુરક્ષા.** સંરક્ષણ માટે સાથે રાખેલા ચપ્પુનો ઉપયોગ તે સાથે રાખનાર વ્યક્તિની સામે થઇ શકે છે.
- **પરિણામ** ચપ્પુનો ગુનો હિંસક ગુનો માનવામાં આવે છે અને તેઓની નોકરી મેળવવાની ક્ષમતા પર ગંભીરપણે અસર કરી શકે છે. ચપ્પુ સાથે રાખવું કે તેનો ઉપયોગ કરવો તેનાથી માત્ર તે વ્યક્તિને અસર થતી નથી. ચપ્પુનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તે વ્યક્તિના કુટુંબીજનો, પીડિત અને પીડિતના મિત્રો અને કુટુંબીજનો, બધાં પ્રભાવિત થાય છે.

## મને ચપ્પુના ગુના વિશે વધુ માહિતી જોઈએ છે. હું ક્યાં જઈ શકું છું?

વધુ સંસાધનો શોધવા અમારી વેબસાઇટ જુઓ:

**leics.police.uk/KnifeCrime**

SCAN ME